PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૨/કવા–૦૧/૧૭–૧૮/ ૪૬૭૪ તા. ૧૨/૦૭/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
સાપરા અનિલભાઈ છોટુભાઈ,
સ્વ. સાપરા છોટુભાઈ બેચરભાઈ,
સ્વામિનારાયણ મંદીર ની બાજુમા,
ગામ: અણીયારા
તા. રાજકોટ, જી. રાજકોટ
મો: ૮૩૪૭૪૭૩૮૨૬

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૦–૦૬–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૭૨/કવા–૦૧/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૩ .)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી જસદણ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, ત્રંબા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેના લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO: 06 / A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૭૨/કવા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીગ: તા. ૧૧–૦૭–૧૭ | સ્થળ : રાજકોટ |

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: સાપરા અનિલભાઈ છોટુભાઈ, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી સાપરા અનિલભાઈ છોટુભાઈ હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, ત્રંબા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી જસદણ)**

**રજુઆત કરનાર :એ.ડી.સૈયદ – નાયબ ઈજનેર શ્રી (ટેક) વિભાગીય કચેરી જસદણ**

## : હુકમ :

## ફરીયાદ : વીજબીલ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| **૧** | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૧.૧** | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના '' અણીયારા ગામ ખાતે આવેલ ઘરવપરાશ વીજજોડાણ નં.: ૬૦૪૪૦/૦૦૨૪૪/૩ '' કે જે મકાન ની ક્ષમતા એક રૂમ રસોડુ ઓસરી અને સંડાસ બાથરૂમ જેટલી જ છે. અને જોડાયેલ વીજભાર ૦૧ કીવો નો જ છે. જેથી, છેલ્લા ૧૦ વર્ષ થી તેઓને ૧૨૦ યુનીટ ના વાસ્તવિક વીજવપરાશી મુજબ ના બીલો અપાયેલ છે. પરંતુ, તેઓના જોડાણ નુ, મીટર લેબોરેટરી મા ચકાસણી કરવામા આવતા, ''ચડત / પડતર એવા – ૭૯૧૮ યુનીટ ની કુલ રકમ રૂ.૫૬,૦૬૫/૯૫ નુ તા.૨૩–૦૫–૧૭ ના રોજ '' જે બીલ અપાયેલ છે, તે બીલ તેઓને માટે, આર્થિક દ્રષ્ટીએ અસહય છે. જેથી, તેમના સદર જોડાણ નો, છેલ્લા ૧૦ વર્ષ નો બીલીગ ઈતિહાસ ચકાસી , અને તેને આનુષાંગીક રહીને સવાલવાળા બીલ ના ૭,૯૧૮ યુનીટ ને, ન્યાયિક રીતે યોગ્ય અને નિયમાધીન પ્રક્રીયા હેઠળ મુલવવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| **૨** | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૨.૧** | ફરીયાદી અરજદાર શ્રી ના '' અણીયારા ગામ ખાતે આવેલ ઘરવપરાશ વીજજોડાણ નં.: ૬૦૪૪૦/૦૦૨૪૪/૩ મા, વાસ્તવિક રીડીગ મુજબ નુ બીલીગ ન થતુ હોવાની બાબત ની પીજીવીસીએલ ને મળેલ જાણકારી ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી, તા.૨૧–૦૩–૧૭ ના રોજ, સદર જોડાણ નુ જુનુ એલએન્ડજી કંપની ના મીટર નંબર: ૦૦૩૦૧૭ ને, જે છેલ્લા ૧૩૧૮૮ રીડીગ યુનીટ થી ઉતારી અને પેપર પેક કરાયેલ હતુ. તેમજ, તા.૨૧–૦૩–૧૭ ના રોજ નવુ, એચપીએલ કંપની નુ મીટર નંબર: ૦૦૩૧૮૧૦૧, જે શરૂઆતના ૦૦૦૦૨ યુનીટ થી લગાડવામા આવેલ હતુ. |
| **૨.૨** | ત્યારબાદ, ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે નુ, જુનુ સવાલવાળુ એલએન્ડજી કંપની ના મીટર નંબર: ૦૦૩૦૧૭, જે લેબોરેટરી મા ચકાસણી કરવા માટે ની નિયત એવી તમામ ૦૩ તારીખો એ, અરજદાર શ્રી હાજર ન રહેતા, પીજીવીસીએલ તરફથી, એકસપાર્ટી મુજબ, તા.૧૨–૦૫–૧૭ ના રોજ, સદર મીટર ને, લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન, મીટર મા કોઈ તાંત્રીક ખામી જણાયેલ ન હતી. અને, તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ હતુ. અને તેમા છેલ્લા રીડીગ ૧૩૧૮૮ યુનીટ નોંધાયેલ હતા. આમ, સદર મીટર તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ હોય, તેમા નોંધાયેલ યુનીટ પણ, જોડાણ મા થતા વીજવપરાશ મુજબ ના જ હોય, જણાયેલ છેલ્લા રીડીગ ૧૩૧૮૮ યુનીટ માથી, અગાઉ માહે માર્ચ–એપ્રીલ–૧૭ ના નિયમીત બીલીગ તા.૨૭–૦૪–૧૭ ના રોજ ના, છેલ્લા એવા મીટર મા નોંધાયેલ ૫૨૭૦ યુનીટ બાદ કરી અને બાકી રહેતા, ૭૯૧૮ યુનીટ નુ, કુલ ગણતરીએ થતી એવી રૂ.૫૬,૦૬૫/૯૫ નુ બીલ, જે કચેરી તરફથી, પત્ર ક્રમાંક : ૩૪૮૧, તા.૨૩–૦૫–૧૭ થી અરજદાર શ્રી ને અપાયેલ છે. |

| | |
|---|---|
| <u>૨.૩</u> | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર ના સ્થાપન પર, તા.૨૧–૦૩ –૧૭ ના રોજ લગાડવામા આવેલ નવા એચપીએલ કંપની ના મીટર નંબરઃ ૦૦૩૧૮૧૦૧ મા, મીટર લગાડયા તા.૨૧–૦૩ –૧૭ થી તા.૦૭–૦૭–૧૭ ના રોજ ની સ્થળ પર ની ખરાઈ દરમ્યાન, સદર મીટર મા કુલ ૧૦૯ દિવસ મા ૨૯૩ યુનીટ નોધાયેલ છે. જેને આનુષાંગીક રહેતા, અને મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતો ને નજર સમક્ષ રાખતા, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળુ ૭૯૧૮ યુનીટ નુ, કુલ ગણતરીએ થતી એવી રૂ.૫૬,૦૬૫/૯૫ નુ બીલ, જે – માહે માર્ચ–એપ્રીલ–૧૭ પહેલાના – અગાઉ ના દીર્ઘકાલીન સમયગાળા – એટલેકે, આશરે લગભગ ૭.૫ વર્ષ સુધીના સમયગાળા દરમ્યાન ના – વાસ્તવિક વીજવપરાશી રીડીગ ને બદલે ઓછા યુનીટ ની વીજવપરાશ દર્શાવી અને થયેલ એવુ, ખરેખર ઓછા યુનીટ ના બીલ ના કારણોસર નુ – એટલેકે, અગાઉ ના દીર્ઘકાલીન સમયગાળા ના ચડત / પડતર યુનીટ રીડીગ ના કારણોસર નુ જ હોવાનો, સદર કેઈસ મા, ફોરમ કમિટી સમક્ષ અભિપ્રાય રજુ કરવામા આવે છે. |

<u>**મુદદા નં.—૩ :**</u> **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| <u>૩</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૧</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૬૦૪૪૦/૦૦૨૪૪/૩ નુ સવાલવાળુ, જુનુ એલએન્ડજી કંપની નુ મીટર નંબરઃ ૦૦૩૦૧૭, જે સ્થળ પર થી ઉતારી અને મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે, લેબોરેટરી મા ચકાસણી કરવામા આવતા, સદર મીટર તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ છે. આમ, સદર મીટર તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ હોય, તેમા નોધાયેલ છેલ્લા ૧૩૧૮૮ યુનીટ પણ, જોડાણ મા થતા વીજવપરાશ મુજબ ના જ છે. આ બાબત ને, તાંત્રીક ચકાસણી અન્વયે ના રેકર્ડ આધારીત સમર્થન મળેલ છે. આ મુજબ, સદર કેઈસ, અગાઉ ના દીર્ઘકાલીન સમયગાળા નો, ચડત / પડતર યુનીટ નો કેઈસ હોવાનુ સ્પષ્ટ મંતવ્ય પણ, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. ફોરમ કમિટી તરફથી, સદર મંતવ્ય, તાંત્રીક અને રેકર્ડ આધારીત બાબતો ને આનુષાંગીક રહી અને માન્ય રખાયેલ છે. |
| <u>૩.૨</u> | ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગત ના સદર, ચડત / પડતર યુનીટ ના કેઈસ નો, બીલીગ રેકર્ડ ( પી.આર.ટી.–૧૪૫ ) ચકાસણી કરતા, સદર જોડાણ મા, અગાઉ માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૦ થી, માહે માર્ચ–એપ્રીલ–૧૭ સુધી ના, કુલ ૪૦ દ્રીમાસીક બીલીગ સમયગાળા ના, કરાયેલ નિયમીત વીજબીલીગ, જે ખરેખર બીન વાસ્તવિક – એટલેકે, ઓછા યુનીટ ના રીડીગ વાળુ બીલીગ – એટલેકે, સદર ૪૦ દ્રીમાસીક બીલીગ સમયગાળા નુ ચડત / પડતર યુનીટ ના કારણોસર નુ બીલીગ, જે અગાઉ ના મીટર રીડરો તરફથી, થયેલ હોવાની બાબત, રેકર્ડ આધારીત રીતે સ્પષ્ટ થયેલ છે. |
| <u>૩.૩</u> | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતો ને આનુષાંગીક એવા, સદર જોડાણ ના, અગાઉ ના ૪૦ દ્રીમાસીક બીલો દરમ્યાન ના, ચડત / પડતર રીડીગ ના કારણોસર ના, સવાલવાળા – લેબોરેટરી ચકાસણી મા જણાયેલ, છેલ્લા રીડીગ ૧૩૧૮૮ યુનીટ માથી, – અગાઉ માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૦ ના અગાઉ ના તા.૦૧–૦૧–૧૧ ના રોજ ના, માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૦ ના, છેલ્લા રીડીગ – ૧૫૭૯ યુનીટ ને બાદ કરતા, બાકી જણાયેલ ( ૧૩૧૮૮ યુનીટ – ૧૫૭૯ યુનીટ = ૧૨૬૦૯ યુનીટ) ૧૨૬૦૯ યુનીટ ને, સદર કુલ ૪૦ દ્રીમાસીક વીજબીલો વિભાજીત કરતા ( ૧૨૬૦૯ યુનીટ ÷ ૪૦ યુનીટ = ૩૧૫.૨૫ યુનીટ ) ૩૧૫.૨૫ યુનીટ, જે પ્રતિ બીલ મુજબ, વિભાજીત થશે. સદર, ૩૧૫.૨૫ પ્રતિ બીલ યુનીટ માથી, અગાઉ ના માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૦ થી માહે માર્ચ–એપ્રીલ–૧૭ સુધીના, અગાઉ અપાયેલ એવા પ્રત્યેક બીલ સામે ના, પ્રત્યેક બીલ ના પ્રત્યેક બીલીગ યુનીટ બાદ કરી, અને તે બાદબાકી મુજબ બાકી રહેતા, પ્રત્યેક બીલ ના પ્રત્યેક બાકી રહેલ યુનીટ મુજબ ની ગણતરીએ – સદર કુલ ૧૨૬૦૯ યુનીટ ને, કુલ ૪૦ દ્રીમાસીક બીલીગ સમયગાળા મા, પ્રત્યેક બીલ મુજબ રીવાઇઝ કરી – તે મુજબ, કુલ ૪૦ દ્રીમાસીક બીલીગ સમયગાળા નુ સુવ્યવસ્થિત ગણતરીપત્રક -- કે જેમા, રીવીઝન ગણતરી અન્વયે, પ્રત્યેક બીલ સામે વસુલાત પાત્ર એવા, આખરી યુનીટ ની ગણતરી એ થતી પ્રત્યેક બીલ ની રકમ, અને તે મુજબ આખરી રકમ, અરજદાર પાસેથી વસુલ કરવાની બાબત, પીજીવીસીએલ માટે નિયમાધીન યોગ્ય અને વ્યાજબી છે. જેથી, આ મુજબ ની રીવાઇઝ ગણતરી નુ, કુલ ૪૦ દ્રીમાસીક બીલીગ સમયગાળા નુ સુવ્યવસ્થિત ગણતરીપત્રક, જે અરજદાર શ્રી ને, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા ખાસ પત્ર પાઠવવા બાબતે નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહેતા, ફરીયાદી અરજદાર શ્રી ને, મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે નુ, સવાલવાળુ, ૭૯૧૮ યુનીટ નુ રકમ રૂ.૫૬,૦૬૫/૯૫ ના પુરવણીબીલ ને – ૭૯૧૮ યુનીટ ની ગણતરી ને બદલે, ખરેખર વસુલાત પાત્ર એવા ૧૨૬૦૯ યુનીટ ને – કુલ ૪૦ દ્રીમાસીક બીલીગ સમયગાળા મા વિભાજીત કરી – પ્રત્યેક બીલ ને, વિભાજીત ગણતરી મુજબ રીવાઇઝ કરી – આ કુલ ૪૦ દ્રીમાસીક બીલીગ સમયગાળા ની રીવીઝન ગણતરી મા – અગાઉ ના સદર કુલ ૪૦ દ્રીમાસીક બીલીગ સમયગાળા ના પ્રત્યેક બીલ મા – અપાયેલ અગાઉ ના યુનીટ અને તે મુજબ ની રકમ – બાદ કરી – અને બાકી રહેતા યુનીટ અને પ્રત્યેક બીલ સામે આખરી વસુલાત પાત્ર રકમ ની વિગતો, જે કુલ ૪૦ દ્રીમાસીક બીલીગ સમયગાળા માહેના પ્રત્યેક બીલ સામે દર્શાવતુ – તે અન્વયે આખરી ગણતરી એ થતા યુનીટ અને આખરી ગણતરી એ થતી રકમ ની વસુલાત ની વિગતો દર્શાવતુ – એવુ સુવ્યવસ્થિત ગણતરીપત્રક – કે જેમા, રીવીઝન ગણતરી અન્વયે, પ્રત્યેક બીલ સામે વસુલાત પાત્ર એવા, આખરી યુનીટ ની ગણતરી એ થતી પ્રત્યેક બીલ ની રકમ, અને તે મુજબ આખરી રકમ, અરજદાર પાસેથી વસુલ કરવાની બાબત – પીજીવીસીએલ માટે નિયમાધીન યોગ્ય અને વ્યાજબી છે. જેથી, આ મુજબ ની રીવાઇઝ ગણતરી નુ, કુલ ૪૦ દ્રીમાસીક બીલીગ સમયગાળા નુ સુવ્યવસ્થિત ગણતરીપત્રક, જે અરજદાર શ્રી ને, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા ખાસ પત્ર પાઠવવા બાબતે નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.